सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૧ | ડિસેમ્બર ૨૦૦૦ | અંક ૩

## વાલીઓને......

### " બાળકને ભણાવી દેવાની તાલાવેલી "

સાંજે શાળા છૂટયાં પછી ઘણી માતાઓને શાળામાં જ્યાં જગ્યા હોય ત્યાં ઓટલા ઉપર બેસીને બાળકોને ઘરકામ કરાવતી, એકબીજાએ ઘરકામ શું કર્યું છે તે જોતી અને બાળકનાં અભ્યાસક્રમની ઝીણવટભરી વિગતોની તપાસ કરતી જોઉં છું ત્યારે આશ્ચર્ય થાય છે. બાળકે રમતાં રમતાં ભણવું જોઈએ તેવી તેની આ ઉંમરે દબાણપૂર્વક ભણતરનું જે " સ્ટફીંગ " થાય છે તેને કારણે બાળકને ફાયદો થાય છે કે નુકશાન તે પ્રશ્ન અનુત્તર જ રહે છે. બાળક આપમેળે અનેક વસ્તુ જાતે નિરીક્ષણથી , પરસ્પરનાં વ્યવહારથી શીખતું હોય છે અને તેનું આ શિક્ષણ ખૂબ મહત્વ પણ ધરાવે છે. શક્ય છે કે દબાણપૂર્વકના સ્ટફીંગને કારણે તે તાત્કાલિક તેજસ્વી કે હોશિયાર દેખાય તેવો ભાસ પણ થતો હોય છે.પણ તેને જાતે જ્ઞાન મેળવવાની જે તકો મળવી જોઈએ તે ખૂંચવાઈ જાય છે તેનો આપણને અંદાજ છે ?

બાળકને ઘણું જાણવું છે. તેને અનેક પ્રશ્નો પૂછવા હશે. તે પ્રશ્નો પૂછે તેનાં આપણે જવાબ દઈએ છીએ ? તે પ્રશ્ન મહત્વનો છે. બાળકને જવાબ આપવાનો આપણી પાસે સમય છે ? તેની સૂઝ છે ? સામાન્ય દાખલો લઈએ તો ચંદ્ર કયારે ઉગે છે ? દરરોજ મોડો મોડો કેમ ઉગતો જાય છે ? કયારેક માત્ર બીજ જેટલો , કયારેક માત્ર અર્ધો ને કયારેક આખો તે કેમ દેખાય છે ? આવા પ્રશ્નો તેને પૂછવાનું મન થાય તેવી ભૂમિકા ઊભી કરવાની જવાબદારી આપણી છે. કોઈ સાદા પ્રયોગો આપણે ઘરઆંગણે તેને દેખાડીએ છીએ ? આપણા રોજીંદા ઘરકામમાં અનેક વસ્તુઓ એવી હશે કે જેમાંથી આપણે તેને ઘણું શીખવી શકીએ અને તે શીખવવું જોઈએ. તેની સાથે તેને પ્રશ્નો પૂછવાની ઉત્કંઠા જાગે તેવી ચર્ચા કે વાતચીત કરવી જોઈએ. બૌધ્ધિક ઉખાણાંઓ, કોયડાઓ તેને પૂછવા જોઈએ અને તે આપણને પૂછે તેવું વાતાવરણ રચાવું જોઈએ. તેનામાં ચોકસાઈ આવે તે માટે પ્રયત્નશીલ રહીએ, કોઈ વસ્તુ યાદ રાખી કે ન રાખી તેને આધારે પરીક્ષામાં પાંચ માર્ક વધુ કે ઓછા આવે તે આ ઉંમરે મહત્વનું નથી. બાળકનો વિકાસ થાય અને તે વિકાસ સંતોષકારક થાય તેનાં ઉપાયો યોજવા જોઈએ.

માતૃભાષામાં શિક્ષણ આપવાનાં પાયામાં આ વસ્તુ પડેલી છે. માત્ર ગોખણપટ્ટી બાળકનો વિકાસ અટકાવી દેશે. માત્ર અભ્યાસક્રમ તે જ શિક્ષણ તેવો અભિગમ છોડી દઈને બાળકનાં વિકાસ માટે અન્ય બાબતો મહત્વની છે. તેનું પર્યાવરણ સમૃધ્ધ બને તેવું આયોજન કરવું જોઈએ. બાળકને ઘરકામનાં બોજા નીચે દબાવી દેવાને બદલે તેનો મુક્તપણે વિકાસ થાય અને આ ઉંમરે તેને જે મળવું જોઈએ તે તેને ન મળ્યું હોય તેવો અફસોસ ભવિષ્યમાં ન થાય તે જોવાની આપણી જવાબદારી સમજવી પડશે.

ઈન્દુભાઈ દવે
ના વંદન

## સ્મૃતિચિત્રો — ધનુષ્કોડી

તાજેતરમાં તામિલનાડુમાં જોરદાર વાવાઝોડું ફૂંકાયું. વિશાખાપટ્ટમ પરથી તે પસાર થયું. કરોડો રૂપિયાનું નુકશાન કરતું ગયું. ચેન્નાઈની નજીકમાં આવેલા મહાબલીપુરમ ( માયલાપોર ) માં આજે એક મંદિર સમુદ્રતટે છે. ખરેખર ત્યાં એવા સાત મંદિરો હતા જેને 'સેવન પેગાડા ' તરીકે પરદેશીઓ ઓળખતા.વાવાઝોડામાં છ નાશ પામ્યા તેમ મનાય છે.

તામીલનાડુમાં રામેશ્વર જતાં દક્ષિણના પ્રવાસો દરમ્યાન અમારો પ્રવાસી રેલ્વે ડબ્બો ધનુષ્કોડી જતો. આજે તો ધનુષ્કોડી રેલ્વે સ્ટેશન નથી પણ એ વાત પછી.

ધનુષ્કોડીમાં ખાસ વસ્તી તે જમાનામાં પણ નહોતી.રામેશ્વરમાં યાત્રાળુઓની જે ભીડ દેખાય તે ધનુષ્કોડીમાં જોવા ન મળે. નાનું સ્ટેશન અને સ્ટેશનથી થોડે દૂર અત્યંત રમ્ય સમુદ્રપટ. એ જમાનામાં સિલોન ( આજનું શ્રીલંકા ) જવા માટે શીપ અહીંથી જતું એટલે શીપ જવાનું હોય ત્યારે લોકો હોય. પરંતુ આ સ્થળનો ધાર્મિક મહિમા. લોકો સમુદ્રપૂજન કરે અને સમુદ્રસ્નાન કરી પાવન થયાનો આનંદ મેળવે. સમુદ્રતટ ઉપર કંતાનની ઝૂંપડીઓ જ્યાં પૂજા વગેરેની ચીજ વસ્તુઓ મળે અને સમુદ્રસ્નાન પછી કપડાં બદલવાની સુવિધા અહીં મળે.

સમુદ્રનો વિશાળપટ અને રેતાળ કિનારો. સમુદ્ર તો એટલો શાંત કે જાણે સરોવર હોય તેવું લાગે. સમુદ્રમાં છેક દૂર સુધી જાવ તો પણ સાવ છીછરો સમુદ્ર હોઈ નિર્ભય રીતે સ્નાન કરી શકાય. માત્ર સમુદ્રસ્નાન ખાતર જ અનેક વખત ધનુષ્કોડી જવાનું થયું. અહીં સમુદ્રસ્નાન કરીએ એટલે આખા પ્રવાસનો થાક ઊતરી જતો.

પણ છેલ્લા પ્રવાસમાં ધનુષ્કોડી જવાનું થયું નથી. કારણકે ધનુષ્કોડી આજે રેલ્વેસ્ટેશન નથી. હાલમાં જેવું વાવાઝોડું તામીલનાડુ ઊપરથી ફૂંકાયું તેવું જ વાવાઝોડું આજથી પચીસેક વર્ષ પહેલાં ફૂંકાતા રેલ્વે સ્ટેશનનાં મકાનો સહિત બધું જ સમુદ્રમાં ઘરકાવ થઈ ગયું. હાલનાં વાવાઝોડાએ એ દિવસોના ધનુષ્કોડીની સ્મૃતિ તાજી કરાવી દીધી.

છેલ્લે જ્યારે ૧૯૮૦માં સિલોન જવાનું થયું ત્યારે અમારો ડબ્બો મદુરાઈથી સીધો રામેશ્વર પહોંચ્યો ત્યારે ફરીથી ધનુષ્કોડીનાં સમુદ્રસ્નાનની યાદ તાજી થઈ. પરંતુ સાથે સાથે જયારે જયારે રામેશ્વર આવતાં ત્યારે ' ભગવાનદાસ બાગલા ' ની ધર્મશાળાનો રખેવાળ ' પંજુ ' રેલ્વે સ્ટેશન પર હાજર જ હોય, જયારે ઉતારે પહોંચીએ ત્યારે સાફસૂફી કરેલી રૂમો, પાથરણાં, પાણીનાં માટલા, બધું જ પંજુએ તૈયાર કરી રાખ્યું હોય. આ વખતે ટ્રેઈન ઊભી રહેતાં જ આંખો પંજુને શોધતી હતી. ધર્મશાળાનાં નવા ચોકીદારે અમને આવકાર્યા પરંતુ પંજુ કેમ નથી આવ્યો ? તેમ પૂછતાં આઘાતજનક સમાચાર મળ્યાં કે હવે પંજુ આ દુનિયામાં નથી. જેવી યાદ ધનુષ્કોડી, તેનો સમુદ્રસ્નાનનો આનંદ તેવીજ મીઠી યાદ, પંજુની હતી. પણ પંજુ અને ધનુષ્કોડી બંને આજે તો માત્ર સ્મૃતિચિત્રોમાં જ સ્મૃતિશેષ રહયા છે.

## " ભણતર કે ઘડતર "

" બેન ! આ ડબ્બો સાતમા ધોરણમાં પરીનાને આપવાનો છે, એનો નાસ્તો છે "

" કેમ રહી ગયો બેન ? શાળાએ આવે ત્યારે જ આપી દીધો હોત તો તમારે ધક્કો ન થાય ને ! અને આટલો મોટો ડબ્બો ? કંઈ ખાસ વિશિષ્ટ છે ? "

" હા બેન એટલે જ ને ! સવારે જ એણે મને કહ્યું કે અમે બેનપણીઓએ આજે પાણીપૂરીનો પ્રોગ્રામ કર્યો છે એટલે તું પૂરી લાવીને મને આપી જજે. "

' તે તમે એને ' ના ' ન કહી? એમ એકાએક પૂરી લેવા દોડીને સ્કુલમાં પહોંચાડવાનું કામ તો અઘરું બની જાય અને આમે ય પાણીપૂરી પાછળ તો કેટકેટલી વસ્તુ જોઈએ ? એવો નાસ્તો તે કંઈ સ્કુલમાં ફાવે ? તમે તેને સમજાવી નહીં ? "

" અરે બેન ! આજનાં છોકરાં તે કંઈ અમારું માને છે ? મેં એને કહયું કે આવું બધું સ્કુલમાં ન કરાય, પણ માને તો ને ! મને કહે," અમે પાંચ છોકરીઓએ આ પ્રોગ્રામ નક્કી કર્યો છે એટલે હવે એમાં ફેરફાર ન થાય.. ગમે તેમ થાય તું રીસેસ પહેલાં પૂરી આપી જજે." બેન.. તમે માનશો ? હું કેટલે દૂર રહું છું ? એને સ્કૂલે મોકલી પછી તરત આ તડકામાં દોડી ત્યારે આ પૂરી પહોંચાડી શકી છું... હવેના છોકરા એટલે કંઈ કહેવા જેવું જ નથી રહયું, હજી તમારું કંઈકે ય માને છે પણ અમને તો ગાંઠતા જ નથી. " પરીનાના મમ્મીની આ હૈયાવરાળ સાંભળી મને પણ દુ:ખ થયું..આ આપણું કેવું ઘડતર ? આ આપણું કેવું શિક્ષણ ?

અને મેં એ પાંચેય છોકરીઓને ઓફિસમાં બોલાવી.. પાંચેયને પૂછયું તો દરેકે તેમના મમ્મીની વાતનો અનાદર કર્યો હતો તેવું તેમણે કબૂલ્યું. અને મને થયું આપણે માબાપ તરીકે કેવા કાચા પડીએ છીએ !

બાળકને માટે પ્રેમ કોને ન હોય ! અને એટલે એ બાળક નાનું હોય ત્યારથી એ જે કંઈ કહે તે બધું જ આપણે કરીએ તે પણ સ્વાભાવિક છે, પણ તેના સામાજીકરણની પ્રક્રિયામાં તેને કયારેક ' ના ' સાંભળવાની ટેવ પણ પાડવી જોઈશે, ઈચ્છાને દાબતાં પણ શીખવું પડશે, જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ તેની બધી ઈચ્છાઓ પૂરી કરવાનું તો શકય બને જ નહીં. સમાજમાં રહેવા સમાજની અપેક્ષા પ્રમાણે વર્તવું જ પડે એટલું જ નહીં પણ આરોગ્ય માટે પણ નાનપણથી જ જાગૃત રહેતાં શીખવવું પડશે. સ્કુલમાં ચાર પીરીયડ સુધી શારીરિક અને માનસિક શ્રમ પછી ફરી શક્તિનો સંચાર થાય તેવો પૌષ્ટિક નાસ્તો ખાસ જરૂરી છે. તેને બદલે ફકત સ્વાદેન્દ્રિયને જ ઉત્તેજન મળે તેવો નાસ્તો આપી આપણે બાળકનું આરોગ્ય અને તેના વિકાસને જોખમમાં મૂકીએ છીએ તેવું માબાપ તરીકે વિચારીએ છીએ ખરાં ! અને વધારામાં ' માનતા નથી ' કહી હાથ ખંખેરી દઈએ તે કેમ ચાલશે ? આપણું શિક્ષણ માત્ર માહિતીપ્રધાન છે. જીવનનાં મૂલ્યો તેમાં શીખવા નથી મળતાં તેનું આ જીવંત ઉદાહરણ છે. માબાપનું સંતાન ન સાંભળે, ન માને તે કેમ ચાલે ?.. માબાપ તેનું ઘડતર કેવી રીતે કરે ? જીવનમાં કયારેક તો ભણતર કરતાં ય ઘડતર મહત્વનું બની રહે છે.

બાળકની સામાજીકરણની પ્રક્રિયામાં તેનાં ઘડતરમાં, તેની ઈચ્છાઓ પર લગામ રાખતાં તેને શીખવવું પડશે સાથેસાથે વડિલો સાથે વર્તનમા વિનય અને વિવેક અને પોતાનાં જ આરોગ્યની કાળજી પોતે રાખતા થાય. તે અંગે વિચારતાં થાય તેવું ઘડતર આપણે બાળપણથી કરવું પડશે. તે આપણે કેમ ભૂલી જઈએ !

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

બાલવાડીનાં બાળકો માટે મદારી પાસે માંકડાનો ખેલ કરાવવામાં આવ્યો . બાળકોને તે જોવાની ખૂબ મઝા આવી. તાળીઓનાં ગગડાટ અને આનંદની કીકીયારીઓથી તેઓએ એ ખેલને વધાવી લીધો. તેમાંય માંકડાને ટામેટાં અને કાકડી ખાતું જોવાની તો તેમને ખૂબ મઝા આવી.

બાલવાડીમાં બાળકોને હેન્ડપપેટ દ્વારા વાર્તા કહેવામાં આવે છે. બાળકોને એ વાર્તા કહેવા માટે જુદાં જુદાં પ્રાણી અને પંખીના પપેટ તૈયાર કરાવવામાં આ્વ્યાં છે. શિક્ષક હાથમાં પપેટ લઈ હાવભાવ સાથે વાર્તા રજૂ કરે છે ત્યારે બાળકો તેમાં તન્મય થઈ જાય છે. બાળકોને આવી વાર્તા માણતાં જોવા એ પણ એક અનેરો લ્હાવો છે.

બાલવાડીમાં બાળકોને હવે ખૂબ સરસ ગોઠી ગયું છે. વિવિધ ઓરડાઓમાં જીવનવ્યવહાર, ઈન્દ્રિય શિક્ષણ અને મુક્ત વ્યવસાય સાધનોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક બાળક જુદા જુદા સાધનો ઉપર રમી પ્રવૃત્તિનો આનંદ મેળવે છે.

ડિસેમ્બરમાં નવા બાળકોનું આગમન થયુ છે. આ બાળકો સંગીત અને ઈતરપ્રવૃતિઓમાં રસ લેતાં થયાં છે. બાળકોને સંગીત ખૂબ ગમે છે.

### બાલમંદિર

દિવાળીની રજાઓની મોજ માણી બાળકો ફરી પાછાં બાલમંદિરની અનેકવિધ પ્રવૃત્તિઓમાં એકાગ્ર થવા માંડયા છે. બાલમંદિરનાં મુક્ત વાતાવરણમાં તેઓ ખૂબ સરસ રીતે ખીલે છે. નવું સત્ર વધુ પ્રવૃત્તિમય રહેવાનું. રમતગમત સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા, સુલેખન, ચિત્ર સ્પર્ધા વિગેરેમાં બાળકો હોંશભેર ભાગ લે છે. બાળકની મુક્ત અભિવ્યક્તિનાં વિકાસ માટે યોજાતાં આ બધા કાર્યક્રમોથી તેનાં વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય છે.

તા.૧૮-૧૦-૨૦૦૦ને બુધવારે બાળકો માટે માંકડાનો ખેલ યોજાયો. બાળકોએ તે ખૂબ માણ્યો.

**સૂચના :** જે વાલીને બાલમંદિરના બાળકો માટે નાસ્તો આપવાની ઈચ્છા હોય એમણે ઓફિસમાં મળીને તેની અગાઉથી જાણ કરવી કારણકે તેને માટે પૂર્વ આયોજન જરૂરી છે.

બાળકને અધવચ્ચેથી ઘેર લઈ જવું પડે તેમ હોય તો ૨-૩૦ થી ૩-૦ના રીસેસનાં સમય દરમ્યાન જ લેવા આવવું, અને ઓફિસમાં આવીને મળવું. આ સમય સિવાય બાળકને રજા આપી શકાશે નહીં. બાલમંદિરની વ્યવસ્થા માટે તે ખૂબ જરૂરી છે.

હવેથી બાળક અંગે કોઈપણ વાલીએ મળવું હોય તો પહેલાં નવા શારદામંદિરમાં મુખ્ય ઓફિસનો ૪-૦૦ થી ૫-૦૦માં સંપર્ક કરવો.

### શિશુમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**અભિનંદન કાર્ડ સ્પધા** તા.૧૯-૧૦-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | રાહિલ દવે | ( ગંગોત્રી ) |
| દ્વિતીય | અભિજ્ઞ શાહ | ( ગંગોત્રી ) |
| તૃતીય | કિરાતી ઠાકોર | ( ધવલગરિ ) |

**તોરણ સ્પર્ધા** તા.૧૬-૧૦-૨૦૦૦

| | | |
|---|---|---|
| પ્રથમ | મનાલી દલાલ | ( રત્નદીપ ) |
| દ્વિતીય | પાર્થ પટેલ | ( રત્નદીપ ) |
| તૃતીય | સ્તુતિ ચાલીસહજાર | ( મેઘનાદ ) |
| | હર્ષિન નાગોરી | ( ધવલગિરિ ) |

**રંગોળી સ્પર્ધા** તા.૧૭-૧૦-૨૦૦૦

પ્રથમ માનસી વકીલ ( મેઘનાદ )

દ્વિતીય કૃપાલી મનાણી ( ગંગોત્રી )

સ્તુતિ ચાલીસહજાર( મેઘનાદ )

જીનલ જાદવ ( ગંગોત્રી )

તૃતીય શૈશવી ઓઝા ( મેઘનાદ )

અનુષી શાહ ( ધવલગિરિ )

કેવલ મોદી ( ધવલગિરિ )

**અલ્પના સ્પર્ધા** તા.૧૭-૧૦-૨૦૦૦

પ્રથમ શિવાંગી ટંકશાળી ( ધવલગિરિ )

દ્વિતીય કવિના મુનશી ( ધવલગિરિ )

પક્ષમન દવે ( મેઘનાદ )

જાનકી ગોરજી ( ગંગોત્રી )

તૃતીય મિતિષા વૈદ્ય ( ગંગોત્રી )

મિહિર રાવલ ( ધવલગિરિ )

પલક દલાલ ( મેઘનાદ )

**ગુજરાતી સુલેખન સ્પર્ધા** તા.૨૭-૧૧-૨૦૦૦

પ્રથમ મિલિન્દ પારેખ ( રત્નદીપ )

દ્વિતીય જૈનમ શાહ ( મેઘનાદ )

તૃતીય જીનલ સુરતવાલા ( ધવલગિરિ )

વૈશલ દલાલ ( રત્નદીપ )

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા** તા.૨૭-૧૧-૨૦૦૦

પ્રથમ હર્ષિન નાગોરી ( ધવલગિરિ )

દ્વિતીય સિધ્ધિ ચોકસી ( મેઘનાદ )

તૃતીય સાગર પારેખ ( રત્નદીપ )

**ગુજરાતી નિબંધ સ્પર્ધા** તા.૩૦-૧૧-૨૦૦૦

પ્રથમ હિરલ ખત્રી ( ગંગોત્રી )

દ્વિતીય માનસી વકીલ ( મેઘનાદ )

આનંદ પટેલ ( ધવલગિરિ )

તૃતીય મિહિર રાવલ ( ધવલગિરિ )

કક્ષા શાહ ( ધવલગિરિ )

**અંગ્રેજી નિબંધ સ્પર્ધા** તા.૩૦-૧૧-૨૦૦૦

પ્રથમ માનસી શાહ ( રત્નદીપ )

દ્વિતીય જીનલ સુરતવાલા ( ધવલગિરિ )

તૃતીય વિસ્મય શાહ ( ગંગોત્રી )

**સિડની ઓલેમ્પિક અંક - વેકેશન પ્રવૃત્તિ** તા.૨૦-૧૧-૨૦૦૦

પ્રથમ સિધ્ધિ ચોકસી ( ૭ અ )

દ્વિતીય પલક બૂચ ( ૬ બ )

હિરલ ખત્રી ( ૭ બ )

તૃતીય શૈલી શાહ ( ૬ અ )

**નેપકીન ગોઠવવાની સ્પર્ધા** તા.૭-૧૨-૨૦૦૦

પ્રથમ રાજદીપ દેસાઈ ( મેઘનાદ )

દ્વિતીય જયાયસી દેસાઈ ( ગંગોત્રી )

દિવાંગી શાહ ( ગંગોત્રી )

તૃતીય ધરા દેસાઈ ( રત્નદીપ )

પૃથા બારડ ( ધવલગિરિ )

**સલાડ ડેકોરેશન સ્પર્ધા** તા.૭-૧૨-૨૦૦૦

પ્રથમ સ્તુતિ વોરા ( મેઘનાદ )

દ્વિતીય માનસી શાહ ( રત્નદીપ )

નીવા શાહ ( મેઘનાદ )

તૃતીય જીનલ સુરતવાલા ( ધવલગિરિ )

દર્શિની ત્રિવેદી ( રત્નદીપ )

રિધ્ધિ ખત્રી ( ધવલગિરિ )

હેત ત્રિવેદી ( મેઘનાદ )

તા.૨-૧૨-૨૦૦૦ના રોજ આત્મન્ ફોજદાર, હાર્દ શાહ, હર્ષ દેસાઈ, રવિ નાગોરી, અચ્યુત પંચાલ, શુભમ્ બક્ષીએ કરાટેનું નિદર્શન આપ્યું હતું.

## વિનયમંદિર

**આંતરગૃહ સ્પર્ધાઓ**

**રંગોળી સ્પર્ધા** તા.૧૬-૧૦-૨૦૦૦

પ્રથમ ઋજુતા શાહ ( પદ્મપુકુર )

દ્વિતીય શચી અમીન ( ચંદ્રમૌલિ )

મૌલિક વ્યાસ ( ગીતગોવિંદ )

તૃતીય કિંશુક હીરપરા ( ચંદ્રમૌલિ )

પ્રતિક શાહ ( પદ્મપુકુર )

**કેરમ સ્પર્ધા** તા.૨૦-૧૧-૨૦૦૦ બહેનો

પ્રથમ નિધિ શાહ ( પદ્મપુકુર )

ઋજુતા શાહ ( પદ્મપુકુર )

દ્વિતીય હીરલ શાહ ( મેઘદૂત )

ધરા શાહ ( મેઘદૂત )

તૃતીય પૂજા દલાલ ( ગીતગોવિંદ )

શિવાની જોષી ( ગીતગોવિંદ )

**કેરમ સ્પર્ધા** તા.૨૦-૧૧-૨૦૦૦ ભાઈઓ

પ્રથમ પ્રાકૃત પટેલ ( પદ્મપુકુર )

દ્વિતીય મુકુંદ શ્રીમાળી ( ચંદ્રમૌલિ )

તૃતીય હાર્દિક ભટ્ટ ( પદ્મપુકુર )

**ટેબલ ટેનીસ સ્પર્ધા** તા.૨૪-૧૧-૨૦૦૦

પ્રથમ મનીત શાહ ( ગીતગોવિંદ )

દ્વિતીય હાર્દિક ભટ્ટ ( પદ્મપુકુર )

તૃતીય નિસર્ગ કાજી ( મેઘદૂત )

**ચિત્ર સ્પર્ધા** તા.૨૪-૧૧-૨૦૦૦

પ્રથમ નુપુર શાહ ( ગીતગોવિંદ )

દ્વિતીય નિરવ ઠાકોર ( મેઘદૂત )

દેવાંશી શેઠ ( મેઘદૂત )

તૃતીય જીમી ભટ્ટ ( મેઘદૂત )

**બેડમિંગ્ટન સ્પર્ધા** તા.૧-૧૨-૨૦૦૦ ભાઈઓ

પ્રથમ મનીત શાહ ( ગીતગોવિંદ )

દ્વિતીય સંકેત જોષી ( પદ્મપુકુર )

તૃતીય ઋષિત શાહ ( ચંદ્રમૌલિ )

**ચેસ સ્પર્ધા** તા.૪-૧૨-૨૦૦૦

પ્રથમ ગીત શાહ ( ચંદ્રમૌલિ )

દ્વિતીય હર્ષિલ નવાબ ( ચંદ્રમૌલિ )

તૃતીય મેહુલ ત્રિવેદી ( પદ્મપુકુર )

**બેડમિંગ્ટન સ્પર્ધા** તા.૪-૧૨-૨૦૦૦ બહેનો

પ્રથમ ઋત્વી ત્રિવેદી ( મેઘદૂત )

દ્વિતીય નિધિ શાહ ( પદ્મપુકુર )

તૃતીય નિરાલી ફોજદાર ( ચંદ્રમૌલિ )

તા.૨૮-૧૧-૨૦૦૦ના રોજ હાયર સેકન્ડરી વિભાગની અંગ્રેજીમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ જેનો વિષય હતો ' Water crisis in India ' જેમાં બાર વિદ્યાર્થી ભાઈબહેનોએ ભાગ લીધો.

જેમાં પ્રથમ ચિ.નેહા મુકુંદભાઈ દવે તથા દ્વિતીય ચિ.અર્પણ સોપારકર આવ્યા.હવે ચિ.નેહાતા.૧૪-૧૨-૨૦૦૦નાંરોજસી.એન.વિદ્યાવિહારખાતે યોજાયેલ શ્રીમતી વીલીબેન દિવાન આંતરસ્કુલ અંગ્રેજી સ્પર્ધામાં ભાગ લેશે.

તા.૨૨-૧૧-૨૦૦૦ના રોજ શારદામંદિર વિનયમંદિર અને વિજયનગર હાઈસ્કુલ વચ્ચે ક્રિકેટ મેચ વિદ્યાપીઠના ક્રિકેટના મેદાન પર વિદ્યાપીઠ કપ ( અંડર - ૧૬) માટે યોજાઈ ગઈ. શારદામંદિર ઘણા લાંબા સમય પછી આ ક્ષેત્રમાં ફરીથી પ્રવેશ્યું હોવા છતાં ટીમે ખૂબ સારો દેખાવ કર્યો હતો.

## અભિનંદન

**તરણકલા :** શ્રેયસ અંગસૌષ્ઠવકેન્દ્ર આયોજીત તરણસપર્ધામાં ચિ.ઋષિત રાવલને ૨૫ મીટર બેક સ્ટ્રોકમાં પ્રથમ તથા ૨૫ મીટર ફ્રીસ્ટાઈલમાં તૃતીય પદ પ્રાપ્ત થયું છે.

**હસ્તકલા :** ચાઈલ્ડ આર્ટ કલબ નેશનલ કાઉન્સીલ હૈદ્રાબાદ આયોજીત સ્પર્ધામાં ચિ.વિશાલ શાહને સોફટ ટોયઝ બનાવવા માટે ચંદ્રક તથા પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા છે.

**સ્કેટીંગ:** ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ એસોશિયેશન તરફથી યોજાયેલ ૨૦મી ગુજરાત સ્ટેટ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં ચિ.અંશિની ભટ્ટને ૬ થી ૮ વર્ષના બાળકોમાં ફીગર સ્કેટીંગમાંદ્વિતીય તથા ફ્રી સ્કેટીંગમાં પ્રથમ ઈનામ મળ્યાં છે. હવે તે નેશનલ લેવલ ખાતે રમવા ફરીદાબાદ જનાર છે.

**ચિત્ર :** Mental Health Education and Research Trust આયોજીત તત્કાલ ચિત્ર સપર્ધામાં ચિ.આત્મન ફોજદારે બીજું ઈનામ મેળવી રજતચંદ્રક મેળવ્યો છે. ચિ.નીવા શાહને તૃતીય ઈનામ મળ્યું છે. અને ચિ.દેવસ્ય જાનીને આશ્વાસન ઈનામ મળ્યું છે.

નેશનલ એકઝીબીશન ઓફ આર્ટ ફોર ચીલ્ડ્રન એન્ડ યુથ આયોજીત સંસ્કૃતિ -૨૦૦૦માં ચિ.અંશિની ભટ્ટ, ચિ.રાહિલ શાહ, ચિ.નૈષલ મોદી, ચિ.હિરવા મયાત્રા, ચિ.ખુશ્બુ શાહ, ચિ.ભૂમિ શાહ, ચિ. નીલ વૈદ્ય તથા ચિ. પૌરિન શાહને ડિપ્લોમા ઓફ ડિસ્ટીકશનના પ્રમાણપત્રો તથા પુરસ્કાર મળ્યા છે.

Pullaiah Kala Nilayam આયોજીત ઓલ ઈંડિયા ચાઈલ્ડ યુથ પેઈન્ટીંગ કોમ્પીટીશન ૨૦૦૦માં ચિ.પરીશા દલાલને સુવર્ણચંદ્રક મળ્યો છે.

**ચેસ :** સન-એન-સ્ટેપ કલબ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ ચેસ એસોશિયેશન આયોજીત ચેસ સ્પર્ધામાં ચિ.પરીશા દલાલને દ્વિતીય ઈનામ મળ્યું છે. પ્લેઝર કલબ ખાતે યોજાયેલ અમદાવાદ ચેસ એકેડમી આયોજીત જે એન દવે ટ્રોફી ચેસ સ્પર્ધામાં ચિ.સંવિત શાહને બીજું ઈનામ મળ્યું છે.

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના કો.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેન શાહને અખિલ હિંદ મહિલા પરિષદ ગુજરાત તરફથી શૈક્ષણિક, સાહિત્ય , સામાજીક અને સાંસ્કૃતિક ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી માટે સ્વ.ભાનુબેન પટેલ વિશિષ્ટ એવોર્ડ એનાયત થયો છે. આ સ્મૃતિચંદ્રક તેમને તા.૫મી નવેમ્બરે ડાકોર ખાતે યોજાયેલ અધિવેશનમાં સમાજકલ્યાણ બોર્ડનાં અધ્યક્ષ શ્રી હંસાબેન રાજકુંવરબાના હસ્તે આપવામાં આવ્યો હતો.

ચિ.અનૂરી શાહે સ્ટેટ ગવર્મેન્ટ ઓફ ગુજરાતના રમતગમત મંત્રાલય તરફથી આ વર્ષે જાહેર થનાર જુદી જુદી રમતોમાં શ્રેષ્ઠ રમતવીરને અપાતા " સરદાર પટેલ એવોર્ડ " માટે ગુજરાત રાજય ચેસ એસોશિયેશન તરફથી શ્રેષ્ઠ જુનીયર ( મહિલા ) ચેસ રમતવીર માટેનું નોમીનેશન મેળવેલ છે. તેમજ ઉત્કૃષ્ટ ખેલાડીઓને આપવામાં આવતાં " જયદીપસિંહજી એવોર્ડ " માટે મહિલા વિભાગમાં ગુજરાત સ્ટેટ ચેસ એસોશિયેશન તરફથી નોમીનેશન મેળવેલ છે. ચિ.બેન અનૂરીને ખૂબ શુભેચ્છા પાઠવું છું.

ચિ.બેન અનૂરીએ અમદાવાદ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત સબજુનિયર ગર્લ્સ ( ૧૫ વર્ષથી નીચે ) ની ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યાં છે. અને ૬ઠ્ઠી નવેમ્બરથી મુંબઈ ખાતે રમાયેલ નેશનલ સબજુનિયર ગર્લ્સ ટુર્નામેન્ટમાં તેમણે ગુજરાતની ટીમનું નેતૃત્વ સંભાળ્યું.

અમદાવાદ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત જુનીયર ગર્લ્સ ( ૧૯ વર્ષથી નીચે ) ચેસ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનેલ છે અને ૨ જી જાન્યુઆરીથી દિલ્હી ખાતે રમાનાર નેશનલ જુનીયર ગર્લ્સ ચેસ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમનું નેતૃત્વ કરવાની તક સાંપડેલ છે.

અમદાવાદ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત વીમેન ચેસ ટુર્નામેન્ટમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરેલ છે અને કાલિકટ ખાતે યોજાયેલ નેશનલ વીમેન બી ટુર્નામેન્ટમાં રમવા માટે સીલેકટ થયા છે.

## પર્સનાલીટી ડેવલપમેન્ટ કોર્સ ફોર લેડીઝ :

ઉપરોકત કોર્સની આગામી બેચ તા.૧૫મી ડિસેમ્બરથી શરૂ થનાર છે. દાખલ થવા ઈચ્છતી બહેનોએ તાત્કાલિક મુખ્ય ઓફિસનો સંપર્ક સાધવો.

## સ્વ. રમણભાઈ દવે આંતરસ્કુલ સુગમ સંગીત સ્પર્ધા

શ્રી રમણભાઈ દવેએ આ સંસ્થામાં લાંબા સમય સુધી સંગીત શિક્ષક તરીકે પોતાની નમૂનારૂપ સેવાઓ આપી. આ ઉપરાંત તેમણે સંસ્થાને રૂ.૫૦,૦૦૦ જેવી માતબર રકમનું દાન પણ કર્યું. તેમનું સમગ્ર જીવન સંગીત સાધનામાં તેમણે ગાળ્યું. તેમની આ સેવાઓને અનુલક્ષીને બાલમંદિરના ગીતોની પ્રથમ કેસેટ તેમને અર્પણ કરતાં સંસ્થાએ કૃતજ્ઞતા અનુભવી હતી.

તેમની સ્મૃતિ સંગીતના ક્ષેત્રમાં જળવાઈ રહે તે ભાવનાથી શિક્ષણ સંસ્થાઓના પ્રાથમિક અને માધ્યમિક વિભાગનાં વિદ્યાર્થીઓની આંતર શાળાંકીય સુગમ સંગીત સ્પર્ધાનું સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવી રહયું છે. " શ્રી રમણભાઈ દવેઆંતરસ્કુલ સુગમ સંગીત સ્પર્ધા " એ શીર્ષક હેઠળ આ આયોજન થશે તેવું જણાવતાં સંસ્થા ગૌરવ અનુભવે છે. તેની વિગતો સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓને પરિપત્ર દ્વારા ટૂંક સમયમાં મોકલવામાં આવશે.

## બાળક

મોટેરાંઓ બાળકને ચાહે છે ખરાં, પણ ઓળખતાં નથી. કોઈને એમ કહેવું કે તમે તમારા બાળકને ઓળખતા નથી એ હસવા જેવું લાગશે, પણ હસવા જેવી વાત સાચી છે. બાળક અજ્ઞાન છે, બાળક અબૂધ છે, બાળક મૂર્ખ હોય, બાળક માથાકૂટ કરાવે, બાળક કચકચિયું હોય, બાળકથી કશું ન થાય, બાળક ભાંગી નાખે, બાળક ફોડી નાખે - આવા અનેક ખોટા ખ્યાલો બાળક વિશે બધે જોવામાં આવે છે. આ બધા ખ્યાલો બાળકને અનુકૂળ બનવાની મોટેરાંઓની અણઆવડત અને અજ્ઞાનમાંથી પેદા થાય છે. બાળકને અનુકૂળ થવાને બદલે બાળકે જ આપણને અનુકૂળ થવું જોઈએ એવો દુરાગ્રહ મોટેરાંઓ રાખે છે.

- હરભાઈ ત્રિવેદી

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in